# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- **રાજ્યમાં આજે અલગઅલગ જીલ્લાઓમાં બનેલા અકસ્માતના બનાવોમાં આઠ લોકોના મોત થયા છે અને નવ વ્યક્તિઓને ઇજા થઇ છે.**
- **હવામાન વિભાગે ગુજરાત સહિત ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં ઘણા સ્થળોએ આગામી 5 દિવસ સુધી ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી શકયતા દર્શાવી - ગુજરાતના મહિસાગર જીલ્લામાં ગરમીના કારણે 100 જેટલા પક્ષીઓના મોત થયા.**
- **લોકસભાની આવતીકાલે યોજાનારી છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં 58 બેઠકો માટે મતદાન થશે.**
- **રાજ્યમાં 27મી મે થી 15 જુલાઇ દરમિયાન 12 હજાર 690 મહિલા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની ઘનિષ્ઠ તાલીમ અપાશે.**
- **ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ખાતે નવા ત્રણ ફોજદારી કાયદા અંગેનો મીડિયા વર્કશોપ યોજાઇ ગયો.**
- **રાજકોટ મહાનગરપાલિકાએ ભૂગર્ભ જળના સ્તરમાં વધારો કરવાના હેતુથી મહત્વની પહેલ કરી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ACCIDENT

રાજ્યમાં આજે અલગઅલગ જીલ્લાઓમાં બનેલા અકસ્માતના બનાવોમાં આઠ લોકોના મોત થયા છે.. જ્યારે અન્ય નવ વ્યક્તિઓ ઇજાગ્રસ્ત બન્યા છે..

અમારા તાપીના પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે નિઝરના વડલી ગામ પાસે બે બાઈક સામસામે અથડાતા બંને બાઈક સવારના ઘટના સ્થળે જ મોત થયા હતા..

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે પૂર્વ કચ્છના લાકડીયા સામખીયાળી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, બાઈક અને ટ્રોલી વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં બે વ્યક્તિના ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યા હતા.

સુરતના પ્રતિનિધિ રીતુ દરબાર જણાવે છે કે સુરત ધુલીયા નેશનલ હાઇવે પર ટ્રક ચાલકે  ટ્રક પર કાબુ ગુમાવતા ટ્રક રસ્તાની બાજુમાં ઉતરી ગઇ હતી અને ઉંધી વળી જતાં ટ્રકમાં બેઠેલાં ત્રણના મોત થયા જ્યારે સાતને ઇજા થઇ હતી..

બોટાદ શહેરનાં ઢાકણીયા રોડ પર ટ્રેકટરે  બાઈકને અફેટે લેતાં એક બાઇક ચાલકનું ઘટનાસ્થળે મોત થયું.

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ડેરીયા ગામે વાન પલ્ટી જતા ગાડીમાં સવાર ૧૦ને સામાન્ય ઇજા થયાના સમાચાર છે. ઘોઘંબા તાલુકાના ઝીંઝારી ગામના લોકોનો હાફેશ્વર થી દર્શન કરી પરત ફરતા અકસ્માત સર્જાયો હતો.

----------------

# WEATHER

હવામાન વિભાગે ગુજરાત, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને પશ્ચિમ મધ્યપ્રદેશના ઘણા વિસ્તારોમાં આગામી 5 દિવસ સુધી ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી શકયતા દર્શાવી છે.

હવામાન વિભાગના આર.કે.જેનમનીએ આકાશવાણી સમાચાર સાથેની વાતીચીતમાં જણાવ્યું કે, આ સમયગાળામાં સંબંધિત વિસ્તારોમાં મહત્તમ તાપમાન 44 થી 48 ડીગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. આથી હવામાન વિભાગે સંબંધિત વિસ્તારોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કર્યા છે.

હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ આજે અમદાવાદમાં 44 ડિગ્રી સેલ્સીયસ, તેમજ ડિસામાં 43.4, વડોદરામાં 41.4 અને 41.4 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે રાજ્યના હવામાન અંગે વધુમાં જણાવ્યું કે

( બાઈટ - રામાશ્રેય યાદવ, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક )

દરમિયાન અમદાવાદ સહિત રાજ્યના ઘણાં સ્થળોએ આજે પણ ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો.. રાજ્યના મહિસાગર જીલ્લામાં ગરમીના કારણે 100 જેટલા પક્ષીઓના મોત થયા છે.  અમારા મહિસાગરના પ્રતિનિધિ કૌશિક જોશીએ વધુ વિગતો આપતાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-કૌશિક જોશી,. મહિસાગર, પીટીસી)

------------

# JAN SEVA KENDRA

હવામાન વિભાગ દ્વારા હાલમાં હીટવેવ અનુસંધાને રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં યેલો એલર્ટ તથા ઓરેંજ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અમદાવાદ નિવાસી અધિક કલેકટરની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, અમદાવાદ જિલ્લાનો ઓરેન્જ એલર્ટમાં સમાવેશ થયો છે. આ ઉપરાંત જાહેર જનતા વિષયક કામગીરી સબંધે આગામી એક અઠવાડિયા માટે જનસેવા કેન્દ્રોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને સવારે એક કલાક વહેલાં ખૂલશે. જનસેવા કેન્દ્રોમાં હાલનો સમય ૧૦:૩૦થી ૬:૧૦ના બદલે આગામી એક અઠવાડિયા માટે સવારના ૯:૩૦ થી ૬:૧૦ સુધી નક્કી કરવામાં આવ્યો છે.

------------

# LS-ELECTION--SIXTH-PHASE

લોકસભાની આવતીકાલે યોજાનારી છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં 58 બેઠકો માટે આવતીકાલે સવારે 7 વાગ્યાથી મતદાન હાથ ધરાશે. આવતીકાલે ઉત્તરપ્રદેશની 14, હરિયાણાની 10, બિહાર અને બંગાળની 8-8, દિલ્હીની 7, ઓડીશાની 6, ઝારખંડની 4, અને જમ્મુ કાશ્મીરની લોકસભાની એક બેઠક માટે મતદાન થશે.

આવતીકાલની ચૂંટણીમાં ભાજપના ધર્મેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, મનહરલાલ ખટ્ટર અને બાંસુરી સ્વરાજ તેમજ કોંગ્રેસના દીપેન્દરસિંહ હુડા, કુમારી શૈલજા, રાજબબ્બર અને કનૈયા કુમાર સમાજવાદી પક્ષના ધર્મેન્દ્ર યાદવ અને પીડીપીના મહેબૂબા મુફતી જેવા અગ્રણીઓનું રાજકીય ભાવિ ઇવીએમમાં કેદ થશે.

. . . . . . . . . . . . . . . . . . .

## NEWS IN BRIEF

હવે જોઇએ રાજ્યના અન્ય કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

0) સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા દ્વારા શિક્ષકો માટે ટૂંકા તાલીમ સત્રનું આયોજન કરાયું.

1) ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે 10 જૂનના રોજ મળનારી સામાન્ય સભામા નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના નવા હોદેદારોની થશે વરણી.- અઢી વર્ષની ટર્મ પુરી થતા બાકીના અઢી વર્ષ માટે થશે હોદેદારોની વરણી.

2) નાની દમણ સાંઈ બાબા મંદિરથી મોટી દમણ જતા પુલની નીચે રિવરફ્રન્ટ સુધીનો રસ્તો બનાવવામાં આવી રહ્યો હોવાથી પુલ 20 દિવસ બંધ રહેશે.

3) નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકા પંચાયત ખાતે ચોમાસાની પૂર્વ તૈયારી અંગે તાલીમ યોજાઈ.

4) મહિસાગરના લુણાવાડા એસ.ટી.વિભાગ દ્વારા એસ.ટી ના કર્મીઓ અને મુસાફરોને ગરમીથી રાહત માટે ORS પેકેટ વિતરણ કરાયા.

5) સુરેન્દ્રનગરમાં ગરમીને કારણે રાહદારીઓ માટે શહેરના જુદાજુદા વિસ્તારોમાં સેવાભાવી સંસ્થાઓએ પાણી, છાશ, શરબતનું વિતરણ કરાયું.

6) લુણાવાડા તાલુકાના પટ્ટણ ખાતે મહીસાગર જિલ્લા બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા વર્મી કમ્પોસ્ટ તાલીમ યોજાઈ ગઇ.

---------------------------------------------------

# GOVERNOR – KRUSHI TALIM

રાજ્યમાં 27મી મે થી 15 જુલાઇ દરમિયાન 12 હજાર 690 મહિલા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની  પાંચ દિવસની ઘનિષ્ઠ તાલીમ અપાશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ સખીના પંચદિવસીય તાલીમ અભિયાનના આરંભે જણાવ્યું કે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. આ તાલીમથી પ્રાકૃતિક કૃષિના જનઅભિયાનને નવું બળ મળશે.

27 મી મેથી પ્રથમ તબક્કામાં આણંદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, અમરેલી, રાજકોટ, સુરત, કચ્છ, પાટણ અને તાપી જિલ્લાઓમાં કૃષિ સખીઓને તાલીમ અપાશે.

15મી જુલાઇ સુધીમાં સમગ્ર રાજ્યમાં 423 તાલીમ કાર્યક્રમ દ્વારા 12 હજાર 690 પ્રાકૃતિક કૃષિ સખીઓને તાલીમબદ્ધ કરાશે.

------------

# CRIMINAL LAW

ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ખાતે નવા ત્રણ ફોજદારી કાયદા અંગેનો મીડિયા વર્કશોપ યોજાઇ ગયો. પહેલી જુલાઇ થી અમલી થનારા નવા ફોજદારી કાયદાઓ અંગે ગુજરાત પોલીસના એડિશનલ ડીજીપી, આઈપીએસ ડો. નીરજા ગોતરુ રાવે ત્રણ નવા ફોજદારી કાયદાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

પીઆઈબી અને સીબીસીના અધિકારીઓ તેમજ વિવિધ મીડિયા સંસ્થાઓના 70થી વધુ મીડિયા કર્મીઓએ વાર્તાલાપમાં ભાગ લીધો હતો. એડિશનલ ડીજીપી ડો.નીરજા ગોતરુએ નવા ફોજદારી કાયદાઓ અંગેની એક રજૂઆત વિગતવાર શેર કરી હતી અને ત્રણ કાયદાઓ  બદલવામાં આવ્યા છે, તેના પર પ્રકાશ પાડ્યો હતોઃ ભારતીય દંડ સંહિતાને ભારતીય ન્યાય સંહિતામાં, કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજરને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તેમજ એવિડન્સ એક્ટને ભારતીય સાક્ષ્ય અધિનિયમમાં તબદીલ કરવામાં આવ્યા છે.

ડો. ગોતરુએ મોટા ફેરફારો તરફ ધ્યાન દોર્યું હતું, જેમાં પીડિતના અધિકારો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું, ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે, ન્યાયિક પ્રણાલીમાં વધુ તકનીકીનો ઉપયોગ, આતંકવાદ, સંગઠિત અપરાધ, નાના ગુના માટે સજા તરીકે સામુદાયિક સેવાનો પરિચય કરાવવા જેવી બાબતોની ચર્ચા કરી હતી..ડો.ગોતરુએ મીડિયા તરફથી પૂછાયેલા વિવિધ પ્રશ્નોના જવાબો પણ આપ્યા હતા.

(બાઇટ - નિરજા ગોતરુ, એડીજીપી, ટ્રેનિંગ, ગુજરાત પોલીસ)

-----------

## RAJKOT- WATER HARVESTING ACTIVITY

રાજકોટ મહાનગરપાલિકાએ ભૂગર્ભ જળના સ્તરમાં વધારો કરવાના હેતુથી મહત્વનો નિર્ણય લીધો છે.

મહાનગરપાલિકાએ હાથ ધરેલા આ જળ સંચય અભિયાન હેઠળ પોતાના હસ્તકના તમામ બિલ્ડિંગોમાં તથા શહેરમાં નિર્ધારીત સ્થળોએ પણ વરસાદી પાણીને જમીનમાં ઉતારવાની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત વધુને વધુ નાગરિકો પણ બોર રિચાર્જ કરે તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગઇકાલે સરકારી વસાહત સહિત સાત સ્થળોએ બોર રિચાર્જની કામગીરી કરવામાં આવી છે.

સત્તાવાળાઓએ ચોમાસા પૂર્વે જ રાજકોટના નાગરિકોએ પોતાના મકાનના ધાબાનું પાણી બોરમાં ઉતારવા માટેની વ્યવસ્થા કરી જાહેરહિતમાં જળસંગ્રહ અભિયાનમાં યોગદાન આપવા અનુરોધ કર્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા પોતાના હસ્તકના પમ્પિંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, વગેરે જાહેર સ્થળોએ બોર રિચાર્જના આયોજનને આગળ ધપાવી રહી છે. આ અભિયાનમાં ગીર ગાય સંસ્થા, સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ જેવી જુદીજુદી સંસ્થાઓનો સહયોગ સાંપડી રહ્યો છે.

-------------------